## Pandya Nitin Ashokbhai



Village : **Dantard,** Taluko : Talaja,
District : Bhavnagar
Cell no. 8980909092
Disability : Orthopedic Handicapped
Monthly Salary : Rs. 5,000

### BOTH AT ONE GO

Through advertisement I knew about computer training being given to disabled youth at AT&T Technology Park and I jumped at the opportunity. I learnt here Software & Hardware skills.

Immediately I got a job in Chamunda Xerox Shop in Bhavnagar as Computer Operator. My salary was Rs. 3,000 per month. Recently I got a job in Khodal







Infotech in Bhavnagar. Now my salary is Rs. 5,000 per month. The PNR Society has gifted me bicycle also. I am living respectable life.

### સોફ્ટવેર, હાર્ડવેર બંનેનું જ્ઞાન

એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં સોફ્ટવેર, હાર્ડવેર બંનેનું જ્ઞાન મળ્યું હોવાથી, નોકરી મળવામાં મુશ્કેલી પડતી હતી તે દૂર થઈ. એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્કની પ્રેરણાથી હું આગળ આવ્યો છું. મુશ્કેલીનો સામનો કરતાં-કરતાં સફળ થયો. ચામુંડા ઝેરોક્ષમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે કામગીરી કરી, ત્યારબાદ બિલ્ડર એસોસિએશનમાં નોકરી મળી. 'અલ્ટ્રા લેબ'માં પણ નોકરી મળી. તાજેતરમાં જ મને ખોડલ ઈન્ફોટેક, ભાવનગરમાં, હાર્ડવેર એન્ડ નેટવર્કિંગ એન્જીનિયર તરીકે નોકરી મળી છે.

## Solanki Dhiru Chunibhai

Bholanath Street,
Village : **Ghantarwala,**
Taluko : Talaja,
District : Orthopedic Handicapped



## MY PARENTS ARE PROUD

Our family business is labour. My parents wanted me to study and learn computer. When I got admission in AT&T Technology Park. I had no knowledge of computer. I learnt here Basic, DTP and Photoshop. Presently I am busy undergoing Hardware course. My parents are very much pleased to know that I am learning Hardware and Networking and they are now proud of me.



## મારાં માતા-પિતાને ગર્વ છે

માતા-પિતાની ઈચ્છા હતી કે પોતાનો દિકરો ભણીગણીને આગળ વધે અને સારી પોસ્ટ પર નોકરી કરે. કારણકે મારા વાલીનો વ્યવસાય મજુરી છે. મજુરી કરીને મને ભણાવ્યો છે. તેઓ ઈચ્છતા હતાં કે મને કોમ્પ્યુટર શીખવા મળે, જેથી આ કોમ્પ્યુટર યુગમાં સમાજની સાથે કદમ મિલાવી શકે. એ.ટી.એન્ડ ટી. ટેકનો. પાર્કમાં મેં એડમિશન લીધું ત્યારે મને કોમ્પ્યુટર વિશે કોઈપણ પ્રકારનું જ્ઞાન ન હતું. અહીં બેઝિક, ડી.ટી.પી., ફોટોશોપ કોર્સમાં કોમ્પ્યુટરનું જ્ઞાન મળ્યું. અત્યારે હાર્ડવેર નેટવર્કિંગનો કોર્સ કરી રહયો છું એ જાણીને મારા માતા-પિતા ખુબજ ગર્વ અનુભવે છે.

## Dhandhukiya Rajan Jitendrabhai

Village : **Loyanga** Dist. Bhavnagar
Mobile No. : 9825942443
Disability : Hearing Impaired



## My Family

I am the eldest son in the family. After learning computer I wish to get a good job, so that I could be of help to my family.

## મારો પરિવાર

મારા કુટુંબમાં હું સૌથી મોટો છું, તેથી કોમ્પ્યુટર કોર્સ શીખી, નોકરી મેળવી, હું ઘર માટે ઉપયોગી થઈ શકું, તેવી મારી ઈચ્છા છે.

## Bambhava Jaana Gokalbhai

Village : Mota Agariya,
Taluko : Rajula, District : Amreli
Cell no : 9359116186
Disability : Orthopedic Handicapped
Monthly Salary : Rs. 3,000



# I WANT TO TELL DISABLED YOUTHS ONLY THIS MUCH

On my passing M.S.W, I tried in vain to get a job. I was not discouraged. I kept on trying. One day I came to know about AT&T Technology Park which gives computer operating training to the disabled youths. I took the training. On completion of this training I got a job as Computer Operator in Jilla Vividhlaxi Kendra, Bhavnagar. I was getting Rs. 3,000 per month. Presently I am with Bhanumati Mahila Mandal as Computer Operator drawing the same salary.

I want to advise my disabled friends that we are fortunate that we have in Bhavnagar AT&T Technology Park institute where disabled are rendered free computer skills and lodging and boarding facilities. They also help thus trained disabled youths for getting jobs. We should make use of this god-sent opportunity to be self-reliant and living honorable life.



# હું વિકલાંગ ભાઈ-બહેનોને એટલું જ કહેવા માંગુ છું કે...

મેં એમ.એસ.ડબલ્યુ. સુધી અભ્યાસ કર્યો, પણ તેના આધારે નોકરી ન મળી. એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કની કોમ્પ્યુટરની તાલિમ અને કોમ્પ્યુટર કોર્સ, અનેરું આત્મબળ પુરું પાડી, સ્વાંવલંબી બનવામાં મને મદદરૂપ થયેલ છે, કોમ્પ્યુટરની તાલિમ બાદ મને જિલ્લા વિવિધલક્ષી કેન્દ્ર, ભાવનગરમાં કોમ્પ્યુટર ઓપરેટર કમ કલાર્ક તરીકે, રૂા. ૩૦૦૦/- પગારથી નોકરી મળેલ. હાલમાં હું શ્રીમતી ભાનુમતીબેન મહિલા મંડળમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે નોકરી કરું છું અને મને રૂા. ૩૦૦૦/- માસિક પગાર મળે છે. આજના હરીફાઈ અને ડિજીટલ યુગમાં, સામાન્ય માણસ સાથે કદમ મિલાવી શકે તે માટે, એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક પ્રયત્નશીલ છે, તે ખૂબ જ પ્રસંશનિય છે. હું મારા જેવા વિકલાંગ ભાઈ-બહેનોને એટલું જ કહેવા માંગુ છું કે, એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં જોડાઈ પોતાના સફળ ભવિષ્યનું નિર્માણ કરો અને સફળતાના ઉચ્ચ શિખર સર કરો. શરીરથી તમે ભલે વિકલાંગ હો પણ મનથી અને ટેકનોલોજીથી તમે સક્ષમ બનો. કુદરતે એક રસ્તો છીનવ્યો છે, તો બીજા દસ રસ્તા ખોલશે. હિંમત ના હારો, કાર્યરત રહો, ઈશ્વર તમારી સાથે છે.








## Gohil Prakramsinh Mansinh



Village : **Bhavanipura,** PO : Morchand,
Taluko : Ghodha, District : Bhavnagar
Cell no : 7567360853/9408738780
Disability : Visually Impaired
Monthly Salary : Rs. 4,000

### DIFFICULT DUE TO....

I had undergone training in AT&T Technology Park. I am now in a firm based at Rajkot with monthly salary Rs. 4,000. I gratefully thank the AT&T Technology Park for my respectable position in the society.

### આંશિક અંધત્વ હોવાથી....

આંશિક અંધત્વ હોવાથી કોમ્પ્યુટર શીખવા માટે એડમિશન મેળવવામાં મને તકલીફ પડતી. મે આઈ.ટી.આઈ. માં અને એ.ટી.



એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં કોમ્પ્યુટરની તાલિમ લીધી.

કોમ્પ્યુટર અને મોબાઈલમાં ઈન્ટરનેટનો સરળતાથી ઉપયોગ હવે હું કરી શકું છું. ઓનલાઈન ભરતી ફોર્મ ન્યુઝ અને વિકલાંગોને લગતી જાહેરાતો વગેરેની માહિતી કોમ્પ્યુટર દ્વારા સરળતાથી મેળવી શકું છું. હાલમાં હું રાજકોટની એક કંપનીમાં નોકરી કરું છું.

## Parmar Ajay Bhupatbhai



Village : **Ranparda (Khara),**
Taluko : Palitana, Dist. Bhavnagar
Mobile No. 09426066865
Disability : Visually Impaired

### NO FACILITY FOR LEARNING COMPUTER

Ranparda is a small village to which I belong. I had fancy for computer. There was no facility in my village. So I came to Bhavnagar and joined AT&T Tech.Park for learning computer skills. I underwent Basic course. For this skill I am grateful to the AT&T as now my chances of getting a job have improved.

### અમારા ગામમાં કોમ્પ્યુટર કલાસીસ નથી

અમારા ગામમાં કોમ્પ્યુટર કલાસીસ નથી. તેથી કોમ્પ્યુટર કોર્સ કરવા હું એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક, ભાવનગરમાં આવ્યો. મે અહીં બેઝિક કોમ્પ્યુટર કોર્સ કર્યો અને મને કોમ્પ્યુટર જ્ઞાન મળ્યું, તે બદલ હું એ.ટી. એન્ડટી. પાર્કનો આભારી છું.

## Parmar Krishnaba Ashoksinh



Jay Mandavray Nivas, Plot No. 15/B,
Street No. 10, Nirmalnagar, **Bhavnagar.**
Cell no : 8140466320
Disability : Orthopedic Handicapped
Monthly Income : Rs. 5,000

## A GREAT SUCCESS FOR ME

Having learnt computer skills and general knowledge at AT&T Technology Park, I now run coaching classes. There are 60 students in my class of Std. I to VIII. My monthly earning is Rs. 5,000. Now that I have an honorable position in the society, I can't forget AT&T Technology Park which made my career.

## મને ખૂબ જ સફળતા મળી છે

એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં કોમ્પ્યુટર શીખવાની ઘણી ઈચ્છા હોવાના કારણે, અમે આ સંસ્થા સાથે જોડાયા હતાં. સંસ્થામાં કોમ્પ્યુટર સાથે-સાથે નોકરી-વ્યવસાય બાબતે, બીજુ ઘણું બધું ઉપયોગી થાય તેવું શીખવા મળ્યું. સંસ્થાનું માર્ગદર્શન અમને આગળ વધવામાં ખૂબ જ ઉપયોગી બન્યું છે.

હું બંને પગથી વિકલાંગ છું. મારા ઘરે જ હું ટયુશન કલાસીસ ચલાવું છું, ૬૦ જેટલા વિદ્યાર્થી છે. હું ૧ થી ૮ ધોરણ ભણાવું છું, તેમા મને ખૂબ જ સફળતા મળી છે. ટયુશન કલાસીસમાંથી મને, માસિક રૂા. ૫૦૦૦/- જેટલી આવક થાય છે.

ટયુશન કલાસિસમાં વિદ્યાર્થીઓને ભણાવવામાં, મેં કરેલ કોમ્પ્યુટર કોર્સ ઉપયોગી બન્યો છે. હું મારા વિદ્યાર્થીને કોમ્પ્યુટર શીખવાડું છું, જે એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કને આભારી છે.







## Rathava Ranchhod Limjibhai

Village : **Chuli,** PO : Muvada,
Taluko: JetpurPavi, Dist.: ChhotaUdepur,
Cell no : 8238450793
Disability : Orthopedic Handicapped



## UNABLE TO JOIN COURSE ELSEWHERE BECAUSE...

I had desire to learn computer but there were no facility for training in computer. On account of poor economic condition I was unable to move out. Since AT&T Technology Park was rendering computer skills with lodging - boarding facilities to the disabled youths, I joined. I underwent Basic and DTP courses. I got good knowledge of computer. I am sure, with this skill, I will get a job soon.



## અન્યત્ર કોર્સ કરી શકું તેમ ન હતો કારણકે

અમારા ગામમાં કોમ્પ્યુટર કલાસીસ ન હતાં, પરંતુ મને કોમ્પ્યુટર શીખવાની જરૂરિયાત લાગતી હતી. અન્યત્ર કોર્સ કરી શકું તેમ ન હતો. કારણ કે મારી પાસે આર્થિક સગવડ ન હતી. તેથી એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં એડમિશન લઈ અને કોમ્પ્યુટર બેઝિક અને ડી.ટી.પી. કોર્સ કર્યો, જે મને નોકરી મેળવવામાં ઉપયોગી થશે.

## Goyani Kinjal Dayabhai

Village : **Paldi,** Taluko : Gariyadhar,
District : Bhavnagar
Cell no : 8401503574
Disability : Orthopedic Handicapped



## VERY USEFUL A PLATFORM

I got computer skills from AT&T Technology Park. The courses I underwent are Basic, DTP, Photoshop, Tally and Hardware. With this knowledge I am respected everywhere. I thank AT&T Technology Park for making me what I am today.

## ઘણો ઉપયોગી આધાર

મને એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં, અલગ-અલગ કોર્સ દરમ્યાન, કોમ્પ્યુટરની જાણકારી મળી. હું હવે કોમ્પ્યુટરનો ઉપયોગ કરી શકું છું. આધુનિક ટેકનોલોજી વિષે શીખવા મળ્યું. બેઝિક, ફોટોશોપ, ડી.ટી.પી., ટેલી અને હાર્ડવેર જેવા કોર્સ હું અહીં કરી શકી, તે માટે હું સંસ્થાની આભારી છું.

## Jadav Anil Devashibhai



Village : **Mota Surka,** Taluko : Sihor,
Cell no : 9879965543
Disability : Orthopedic Handicapped
Monthly Salary : Rs. 15,000

## INSTITUTE CAN CALL ME

I learnt computer at AT&T Park and . I got a job in Bank of India. Having done satisfactory work I was made permanent. I am grateful to the PNR Society. The Institute can call me any time for my service.

## મારા લાયક કામ પડે ત્યારે...

એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં કોમ્પ્યુટર કોર્સ કર્યો, ત્યાર બાદ મને બેન્ક ઓફ ઈન્ડિયાની, શિહોર બ્રાન્ચમાં બી.સી.ની નોકરી મળી. મારી સંતોષકારક કામગીરીથી મને કાયમી કરવામાં આવ્યો છે. સંસ્થાએ કરેલી મદદ મને જીવનમાં ઘણી ઉપયોગી નિવડેલ છે. ભવિષ્યમાં સંસ્થાને મારા લાયક કોઈ કામ પડે ત્યારે મને યાદ કરશો.





## એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં વિશેષ માહિતી

### ઓડિયો વિઝ્યુઅલ પધ્ધતિથી સંસ્થા દર્શન

## Special Information at AT&T Technology Park

### Institutional Visit by Audio Visual Programme



